| | |
|---|---|
| દાખલ તારીખ........... | ૧૩/૦૨/૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ... | ૧૩/૦૨/૨૦૨૬ |
| ફેંસલ તારીખ............ | ૧૭/૦૪/૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમયગાળો............... | ૦ | ૨ | ૪ |

**ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઊંઝા.**

ક્રિમીનલ કેસ નં. ૧૦૪/૨૦૨૬.
આંકઃ ૧૩.

ફરિયાદીઃ – શ્રી સરકાર.

**વિ રૂ દ્ધ**

આરોપીઃ ૧. કામિનીબેન વા/ઓફ કમલેશભાઈ ભરતભાઈ જાતે.સોની,
રહે. મહેસાણા, ગાયત્રી મંદીર, મોઢેરા ચોકડી, શીવ સત્ય ફ્લેટ, બ્લોક બી/બી–૨, તા.જી. મહેસાણા.

**ગુનાનો ચાર્જઃ** – ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) તથા ૫૪ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. આર. કચ્છવા.
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એ. કે. બારોટ.

**––// જ જ મે ન્ટ //––**

**(૧)..** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ ૩૧/૦૮/૨૦૨૫ ના સાંજના ક.૦૬/૦૦ થી તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના સવારના ક.૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન શ્રી ઝાપડા મહારાજ મંદીરમાં કોઈપણ સમયે ઝાપડા મહારાજ પરીસરનો પ્રથમ લોખંડનો દરવાજાનો નકુચો તોડી તથા મંદીરનો મેઈન દરવાજાનો લોખંડ નો નકુચો તોડી મંદીરની અંદર પ્રવેશ કરી શ્રી ઝાપડા મહારાજના મંદિરના ઉપર નો મુગટ ચાંદી

નો નંગ–૦૧ તથા ચાંદીના બે લોટા નંગ–૨ તથા ચાંદીના બે દિવા નંગ–૨ તથા ચાંદીનું છતર નાનામોટા નંગ–૦૫ તથા ચાંદીની ઘંટડી નં.૦૧ અને કંકાવટી નં.૦૧ જે મળી કુલ આશરે ચાંદીનું વજન–૦૧ કીલોગ્રામ જે ૧ કીલો ચાંદીનો ભાવ આશરે રૂ.૧,૨૦,૦૦૦/–ની મત્તાની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ, ફરિયાદીએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨).. આરોપી વિરૂદ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને પ્રોસેસ કરતાં આરોપી હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (હવે પછીથી ટૂંકમાં "બી.એન.એસ.એસ." તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડી, આરોપી વિરૂદ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આરોપીનો આંક–૦૪ મુજબ જવાબ રેકર્ડ કરતાં જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામે ફરિયાદપક્ષે પુરાવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩).. ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવાઓ રજૂ થયેલ છે.

(એ) **મૌખિક પુરાવોઃ–**

૧. આંક–૦૫ થી ફરિયાદી દિનેશભાઈ અમરતલાલ પ્રજાપતીની જુબાની.

(બી) **લેખિત પુરાવોઃ–**

૧. આંક–૦૬ થી ફરિયાદીની ફરિયાદ.
૨. આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.
૩. આંક–૦૮,૧૦,૧૧,૧૨ થી શરીરસ્થિતી અંગેનું પંચનામું.
૪. આંક–૦૯ થી આરોપી કંઈક બતાવવા માંગતા હોઈ તે અંગેનું પંચનામું.

(૪).. ઉપરોક્ત સાહેદ તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ, બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫).. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૩૧/૦૮/૨૦૨૫ ના સાંજના ક.૦૬/૦૦ થી તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના સવારના ક.૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન શ્રી ઝાપડા મહારાજ મંદીરમાં કોઈપણ સમયે ઝાપડા મહારાજ પરીસરનો પ્રથમ લોખંડનો દરવાજાનો નકુચો તોડી તથા મંદીરનો મેઈન દરવાજાનો લોખંડ નો નકુચો તોડી મંદીરની અંદર પ્રવેશ કરી શ્રી ઝાપડા મહારાજના મંદિરના ઉપર નો મુગટ ચાંદી નો નંગ–૦૧ તથા ચાંદીના બે લોટા નંગ–૨ તથા ચાંદીના બે દિવા નંગ–૨ તથા ચાંદીનું છતર નાનામોટા નંગ–૦૫ તથા ચાંદીની ઘંટડી નં.૦૧ અને કંકાવટી નં.૦૧ જે મળી કુલ આશરે ચાંદીનું વજન–૦૧ કીલોગ્રામ જે ૧ કીલો ચાંદીનો ભાવ આશરે રૂ.૧,૨૦,૦૦૦/–ની મત્તાની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ જઈ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) તથા ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૫.૧).. ઉપરના મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**નિર્ણયોઃ–**

મુદ્દા નં. ૧ – નકારમાં.

મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

## –: ફરિયાદ પક્ષે રજૂ પુરાવો :–

(૬).. હાલના કામે ઉપરોકત મુદ્દાઓનું મૂલ્યાંકન અને નિર્ણય કરતાં અગાઉ ફરિયાદપક્ષે જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે વિગતવાર ધ્યાને લેવો જરૂરી છે. રજૂ પુરાવો રેકર્ડનો જ ભાગ હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી પુરાવાની મહત્વની હકીકતો નીચે મુજબની વિગતે નોંધવામાં આવેલ છે.

(૬.૧).. ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોક્ત પુરાવો વંચાણે લઈએ તો સૌપ્રથમ આંક–૦૫ થી ફરિયાદી દિનેશભાઈ અમરતલાલ પ્રજાપતીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાની દરમિયાન આંક–૦૬ થી ફરિયાદ રજૂ થયેલ છે. ફરિયાદીની જુબાની વંચાણે લેતાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તા.૩૧/૮/૨૫ ના રોજ સાંજના છ વાગે તેઓ ઝાંપડા મહારાજ મંદિર જે કામલી રોડ ઉપર આવેલ છે ત્યાં પુજાપાઠ કરી મંદિરનો દરવાજો બંધ કરી અને ત્યારબાદ તા.૨/૯/૨૫ ના રોજ મંદિરમા પુજા પાઠ માટે સવારે ગયેલો ત્યારે તેઓએ જોયુ તો મંદિરના દરવાજાનો નકુચો તુટેલ હતો અને મંદિરમા જઈને જોયુ તો ચાંદીનો મુંગટ, ચાંદીના બે લોટા, ચાંદીના બે દિવા, ચાંદીના પાંચ છત્તર, ચાંદીની એક ઘંટડી, એક કંકાવટી જે જણાઈ ન આવેલ જેની કુલ કીંમત આશરે એક લાખ વીસ હજાર હતી જે કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયેલો જે બાબતે તેઓએ ઉંઝા પો.સ્ટે.ફરીયાદ આપેલી. આજરોજ તેઓને ફરીયાદ બતાવવામાં

આવે છે તેમા તેઓની સહી ઓળખી બતાવે છે જે રજુ દાખલ આંક–૬ આપવામા આવે છે. આ ચોરી કોણે કરેલી તે આજદીન સુધી તેઓને જાણવા મળેલ નથી.

(૭).. **પુરાવાનું મૂલ્યાંકન અને મુદ્દાઓના નિર્ણયઃ–**

ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.

(૧) "ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી."

(૨) "કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતું આરોપી દોષિત છે, તે હકીક્ત વ્યાજબી શંકાથી રહીને ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ દ્વારા ફરિયાદપક્ષે રજૂ પુરાવા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે.

વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યકિતના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા.

ફોજદારી ન્યાય પ્રણાલીના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના

આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી ? તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરિબળો તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સવોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં. ૨૪૭ (ક્રિમીનલ) "સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ"ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરિબળો તેમજ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય, ત્યારે તેમાં વિરોધાભાષ, અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય, તો તેવો પુરાવો સ્વિકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to through the case erboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડિસ્કાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે ?, કઈ

પરિસ્થિતિમાં બનાવ બનેલ છે ?, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે ? તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

આ કામે ફરિયાદ પક્ષે રજૂ ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) તથા ૫૪ મુજબના આક્ષેપો છે, તેની કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખીને નીચે મુજબની વિગતે ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮).. આમ, આ કામે અગાઉના પેરામાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લીધો. આંક–૦૫ થી રજૂ ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવ્યા મુજબ, તારીખ ૩૧/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના સમયે તેઓ મંદીરમાં પુજાપાઠ કરી અને ત્યારબાદ તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારે મંદીરમાં પુજાપાઠ કરવા ગયેલા ત્યારે ચાંદીના અલગ અલગ દાગીના કુલ કિં.રૂ. ૧,૨૦,૦૦૦/– કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ આ બાબતે તેઓએ અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ઊંઝા પોલીસ સ્ટેશનમાં હાલની ફરિયાદ આપેલી.

વધુમાં, તેઓએ સરતપાસમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, આ ચોરી કોણે કરેલી તે આજદિન સુધી તેઓને જાણવા મળેલ નથી. જેથી આ કામના આરોપીની બનાવ સ્થળે અને સમયે હાજરી હોવાનું અને આરોપીની ઓળખ પુરવાર થાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ નથી. આ તમામ સંજોગોમાં હાલના કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલા ફરિયાદીના પુરાવા થકી આરોપીની ઓળખ પુરવાર થાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવા તે યોગ્ય અને

ન્યાયોચિત જણાઈ આવતું નથી.

આમ, ફરિયાદપક્ષના ઉપરોકત ફરિયાદીનો પુરાવો જોતાં આ કામના આરોપીએ જ બનાવ સમયે તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારે મંદીરમાંથી ચાંદીના અલગ અલગ દાગીના કુલ કિં.રૂ. ૧,૨૦,૦૦૦/– કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય અને તેમને ફરિયાદી કે કોઈ સ્વતંત્ર સાહેદોએ જોયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. તે સંજોગોમાં આરોપીની ઓળખ પુરવાર થાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ જેથી આરોપીની ઓળખ પુરવાર માની શકાય તેવો કોઈ પુરાવો આ કામે રજૂ નથી.

તેમજ આ કામે ફરિયાદી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ તહોમતનામા મુજબ આરોપી વિરૂદ્ધનું તહોમત પુરવાર કરવામાં સફળ નિવડે તેવો એકપણ પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી. જેથી હાલની ચોરીના બનાવમાં આ કામના આરોપીનો કોઈ રોલ હોય તેવું જણાતું નથી કે ચોરી આ આરોપીએ જ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ જોતાં જણાઈ આવતી નથી.

તે સંજોગોમાં, હાલના કામે ચોરી થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે પરંતુ આ ચોરી કોણે કરેલી તે બાબતેની કોઈ હકીકત કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવતી નથી કે આ ચોરીના બનાવમાં હાલના આરોપીનો રોલ હોય કે સંડોવણી હોય તેવી કોઈ જ હકીકત ઉપરોક્ત પુરાવા થકી પુરવાર થતું નથી કે બનાવ કોઈએ નજરે જોયેલ નથી. જેથી ઉપરોકત વિગતો જોતાં આ કામના આરોપીએ જ ચોરી કરેલ હોય તેવી હકીકત વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર થયાનું માની શકાય તેવો કોઈ સબળ પુરાવો ફરિયાદપક્ષે રજૂ નથી.

વધુમાં, હાલના કામે આંક–૦૬ થી ફરિયાદીની ફરિયાદ, આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૦૮,૧૦,૧૧,૧૨ થી શરીરસ્થિતી અંગેનું પંચનામું, આંક–૦૯ થી આરોપી કંઈક બતાવવા માંગતા હોઈ તે અંગેનું પંચનામું ફરિયાદ પક્ષે કબુલ રાખેલ છે. જેથી ઉપરોક્ત દસ્તાવેજો સાહેદોના પુરાવા થકી પુરવાર થયેલ ન હોઈ દસ્તાવેજો રજૂ થવા માત્રથી આરોપી વિરૂદ્ધની હકીકત પુરવાર થઈ શકે તેમ ન હોઈ જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું નથી.

(૯).. આમ, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તપાસવામાં આવેલ સાહેદની જુબાનીથી તેમજ રજૂ દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરી શકેલ નથી કે, તારીખ ૩૧/૦૮/૨૦૨૫ ના સાંજના ક.૦૬/૦૦ થી તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના સવારના ક.૮/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન શ્રી ઝાપડા મહારાજ મંદીરમાં કોઈપણ સમયે ઝાપડા મહારાજ પરીસરનો પ્રથમ લોખંડનો દરવાજાનો નકુચો તોડી તથા મંદીરનો મેઈન દરવાજાનો લોખંડ નો નકુચો તોડી મંદીરની અંદર પ્રવેશ કરી શ્રી ઝાપડા મહારાજના મંદિરના ઉપર નો મુગટ ચાંદી નો નંગ–૦૧ તથા ચાંદીના બે લોટા નંગ–૨ તથા ચાંદીના બે દિવા નંગ–૨ તથા ચાંદીનું છતર નાનામોટા નંગ–૦૫ તથા ચાંદીની ઘંટડી નં.૦૧ અને કંકાવટી નં.૦૧ જે મળી કુલ આશરે ચાંદીનું વજન–૦૧ કીલોગ્રામ જે ૧ કીલો ચાંદીનો ભાવ આશરે રૂ.૧,૨૦,૦૦૦/–ની મત્તાની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરેલ અને તેમ કરીને આરોપીએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) તથા ૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ. જેથી આરોપીને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ

ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં."૧" નો જવાબ નકારમાં ઠરાવીને મુદ્દા નં."૨" અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

- આ કામના આરોપી કામિનીબેન વા/ઓફ કમલેશભાઈ ભરતભાઈ જાતે.સોની, રહે. મહેસાણા, ગાયત્રી મંદીર, મોઢેરા ચોકડી, શીવ સત્ય ફ્લેટ, બ્લોક બી/બી–૨, તા.જી. મહેસાણાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) તથા ૫૪ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

- આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ના હેતુ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૭મી એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૭/૦૪/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.

Add. Chief Judi. Magistrate.,
Unjha.